## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



શેઠ... પાંચસો હજારની જુની નોટો પડી હોય તો આપો ને...!! નાના છોકરા ઠંડીમાં તાપણી કરીને તમને આશીર્વાદ આપશે શેઠ...!!

## બીજા શનિ-રવિવારે બેંક ચાલુ રાખવા અપીલ

વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, હાલમાં નોટબંધીને કારણે ચેકથી પગાર થવાના હોવાથી ખાનગી કંપનીના કર્મચારીઓ કામદારો બેંકમાં ચેક ભરે તો પણ પાછળ ૧૦ ડિસેમ્બરે બીજો શનિવાર તથા ૧૧ ડિસેમ્બરે રવિવાર હોવાથી બેંકો સતત બે દિવસ બંધ રહેનાર છે. પગારના ચેક બેંકમાં ભરનાર કર્મચારીઓ કામદારોને પગારની રકમ મેળવવામાં ખુબ જ મુશ્કેલી પડશે. પરિસ્થિતિને જોતા કર્મચારીઓ પગારધારકોને મુશ્કેલી ન પડે તે સારૂ તથા જે કર્મચારીઓ બેંક ખાતા ધરાવતા નહોતા, તેઓ પણ પગારના ચેક બેંક ખાતામાં જમા કરાવતા સારૂ નવા બેંક ખાતા ખોલાવી શકે તે માટે સરકારે તથા બેંકોએ લોકહિતમાં શનિ રવિની રજામાં બેંકો ચાલુ રાખવાની માંગણી કરી હતી.

### લોકલ ક્રાઈમ બ્રાન્ચ નિંદ્રાધીન..!

# માણસાના હિંમતપુરા ખાતે ગોગા મહારાજના મંદિરમાં તસ્કરી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં રોજ એક બે ઘરફોડ થોડા દિવસોથી નોંધાઈ રહી છે. એક તરફ પોલીસ સઘન પેટ્રોલીંગ સ્કીમોની વાર્તાઓ કરી રહી છે અને બીજી તરફ તસ્કરો તેટલા જ જોશમાં તાળા તોડી રહ્યા છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ પણ નિંદ્રાધીન હોય તેમ હાથ પર હાથ દઈને બેસી રહી છે. ગઈ રાત્રે તો તસ્કરોએ માણસાના હિંમતપુરા ખાતે આવેલા એક મંદિરને નિશાન બનાવ્યુ કે જે મંદિરની ત્રણ દિવસ પહેલા જ મુખ્યમંત્રીની હાજરીમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ગોગા મહારાજના મંદિરમાંથી પાંચ તોલા સોનુ અને ૧૫ કિલો ચાંદીના આભુષણોની ચોરી કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા છતાં પેટ્રોલીંગમાં રહેલી પોલીસની ઊંઘ ઉડી ન હતી. માણસા પોલીસે તસ્કરી અંગે ગુનો દાખલ કરી તપાસ માટે કાગળો તૈયાર કર્યા છે.

### મંદિરના દરવાજાનો નકુચો તોડીને રાત્રે ઘુસેલા તસ્કરો પાંચ તોલા સોના અને ૧૫ કિલો ચાંદીના આભુષણો ચોરી ગયા : જિલ્લામાં તસ્કરો બેફામ

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સ્થિત હિંમતપુરા-અનોડીયા માર્ગ પર રેવાભાઈ કરશનભાઈ ચૌધરીની જમીનમાં ગોગા મહારાજ અને રાજેશ્વરી માતાનું મંદિર બનાવવામાં આવેલુ છે. તાજેતરમાં મંદિરનો ધીર્ણોદ્ધાર થયો હતો અને ત્રણ દિવસ પહેલા રવિવારે જ મુખ્યમંત્રી વિજય રૂપાણીની હાજરીમાં આ મંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ગઈ રાત્રે તસ્કર ટોળકીએ આ મંદિરને જ ટાર્ગેટ બનાવી પોલીસની રાત્રી પેટ્રોલીંગની વાતોને હાસ્યાસ્પદ બનાવી મુકી છે. મંદિરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદરથી ચાંદીના બે મુગટ, આંગી, માતાજીને ચઢાવેલા હાથ-પગના છ નંગ કડા, ત્રીશુલ, ચાંદીના હાર અને નાનો-મોટો શણગાર મળી કુલ ૧૫ કિલો ચાંદીના આભુષણો તથા સોનાનો દોરો, નથણી અને કાનની શેર મળી પાંચ તોલા સોનાના આભુષણો એમ કુલ રૂ. ૫.૭૫ લાખની મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. સવારે રેવાભાઈના ભત્રીજો મંદિરનો દરવાજો ખોલવા ગયો ત્યારે તેણે નકુચો તુટેલો જોયો હતો. ઘટના અંગે પોલીસને જાણ કરતા માણસા પોલીસ ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત અને ડૉગ સ્કવોર્ડ સાથે મંદિરે પહોંચી ગઈ હતી અને રેવાભાઈની ફરિયાદને આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.






જર્જરીત મકાનો : શહેરના સેક્ટર-૧૭માં સરકારી રહેણાંકો જર્જરીત બનતા જાય છે. મરામતના અભાવે સરકારી મકાનોની ખંડેર બનતી જાય છે. સેક્ટર-૧૩, ૭ અને સેક્ટર-૧૭માં પણ જર્જરીત મકાનોની સંખ્યા વધતી જાય છે. સમયસર નિકાલનો નિર્ણય નહીં થાય તો.. દુર્ઘટના સર્જાવાનો ભય વસાહતીઓને સતાવે છે. કોણ જાણે કેમ શહેરના જુના વિસ્તારનો મકાનોમાં મરામત માટેની કામગીરી ન કરાતા હાલત ગંભીરત થતી જાય છે. એક તરફ નવા મકાનો બાંધવાના ટેન્ડરો બહાર પડે અને બીજી તરફ જુના મકાનોને હટાવવાની કામગીરી ખોરંભે પડી છે.

# મારી પત્નિના એકાઉન્ટમાં ૧૦ લાખ ભરૂ તો તેની ધરપકડ થાય ?

### સોશ્યલ મીડીયા પર નોટબંધી મુદ્દે સાયબર યુદ્ધ તથા ચબરાકિયા અટકવાનું નામ લેતા નથી

ગાંધીનગર, તા. ૭

શહેરમાં હજુ પણ નોટબંધીના કારણે બેંકોમાં તણાવની પરિસ્થિતિ જોવા મળી રહી છે. નાગરિકોને આટલા દિવસો પછી પણ તેમના ખાતામાંથી પોતાના નાણાં ઉપાડી શકતા નથી જેના કારણે રોજીંદા જનજીવનમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ સોશ્યલ મીડીયા પર નોટબંધીના પગલે કેન્દ્ર સરકારના નિર્ણયની તરફેણ તથા વિરૂદ્ધમાં નેટીઝન્સનું સાયબર યુદ્ધ યથાવત ચાલી રહ્યુ છે. આ બધામાં કેટલાક નેટીઝન્સ વિવિધ ટૂચકા તથા ચબરાકિયા દ્વારા સમગ્ર પરિસ્થિતિની મજા લેવાનું પણ ચૂકતા નથી. હાલ સોશ્યલ મીડીયા પર નવા જ મેસેજીસ ધૂમ મચાવી રહ્યાં છે.

● આપણે તો મોદી જે કરે તે...

આપણી પાસે કાળા ધનમાં બે ભેંસને એક પાડો છે, એ પણ મોદી કહેશે તો બેંકમાં બાંધી આવશું.

● વ્યવહાર હંમેશા સારો રાખો કેમ કે એજ સાથે આવશે... બાકી પૈસાનું શું છે, આઠ વાગે હોય અને સાડા આઠ વાગે ના પણ રહે...

● એક છોકરી ટ્રેનમાં મોદીસાહેબના બહુ વખાણ કરી રહી હતી. એટલે મેં એને કહ્યું ‘‘ભગવાન કરે તમને પણ મોદીસાહેબ જેવો પતિ મળે!! બસ ત્યારથી ચૂપ થઈ ગઈ.

● કેવો અજબ સંજોગ છે...!!

ઝાડુ આમ આદમી પાર્ટી પાસે છે, હાથ કોંગ્રેસ પાસે છે અને ‘‘સફાઈ’’ નરેન્દ્ર મોદી કરી રહ્યાં છે.

● અરે મામા, આપણા ગામનું એટીએમ કેમ બંધ છે ?

શું કહુ દિકરા, તારી મામી ગઈતી પૈસા કાઢવા, સ્ક્રીન પર ‘‘એન્ટર યોર પીન’’ લખેલુ આવ્યું તો તેણે માથામાંથી પીન કાઢીને ખોસી દીધી મશીનમાં..!!!

● માનનીય પ્રધાનમંત્રીજી, મહિલાઓના દાગીના પર લિમીટ મૂકવા બદલ અમો ખૂબ આભારી છીએ, પણ... હજુ જરા સાડીઓ તથા ડ્રેસ માટે પણ વિચારણા કરવા વિનંતી

લિ. ત્રાસી ગયેલ પતિ મંડળના પ્રમુખશ્રી

● ગ્રાહક : સાહેબ મારી પત્નિના એકાઉન્ટમાં ૧૦ લાખ જમા કરાવું તો તેની ધરપકડ થાય ?

બેંક મેનેજર : સૉરી, તમારા પત્નિ ગઈકાલે જ તમારા ખાતામાં ૧૨ લાખ નાંખી ગયા છે... ગ્રાહક બેભાન.

● અનુસંધાન પાના - ૭ પર

# રાજ્યના નાયબ કલેક્ટર સંવર્ગના આઠ અધિકારીઓની બદલી

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકારે આજે સાંજે નાયબ કલેક્ટર સંવર્ગના આઠ જેટલા અધિકારીઓની બદલીના હૂકમો જારી કર્યા છે.

| નામ | હાલની જગ્યા | બદલની જગ્યા |
|---|---|---|
| બી.એસ. પ્રજાપતિ | પ્રાંત અધિકારી અમદાવાદ | નાયબ કલેક્ટર કલેક્ટર કચેરી દેવભૂમી દ્વારકા |
| કે.વી. ભાલોડીયા | નિમણુંકની રાહમાં | પ્રાંત અધિકારી કલોલ, ગાંધીનગર |
| એન.આર. પ્રજાપતિ | જી. પુ. અધિકારી નર્મદા | ના.જી. ચૂંટણી અધિકારી નવસારી |
| એફ.એ. બાબી | ના.જી. ચૂંટણી અધિ. સાબરકાંઠા | ના.જી. ચૂંટણી અધિકારી બનાસકાંઠા |
| બી.એમ. ભાભોર | નિમણુંકની રાહમાં | પ્રાંત અધિકારી ઓખા |
| એચ.પી. પટેલ | નિમણુંકની રાહમાં | પ્રાંત અધિકારી લીમખેડા |
| એમ.એલ. પટેલ | નિમણુંકની રાહમાં | પ્રાંત અધિકારી બોડેલી |
| એન.એફ. ચૌધરી | જી. ચૂંટણી અધિ. પોરબંદર | ના.જી. ચૂંટણી અધિકારી મોરબી |

# સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં ઉદાર હાથે ફાળો આપવા ઓ.પી. કોહલીની અપીલ

ગાંધીનગર, તા. ૭

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ આજે રાજભવન ખાતે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં ફાળો આપી રાજ્યમાં ફંડ એકત્રિત કરવાની ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. સશસ્ત્ર સેના ધ્વજદિન નિમિત્તે ‘સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ’માં ઉદાર હાથે ફાળો આપવા ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ સૌ નાગરિકોને હાર્દિક અનુરોધ કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે યુદ્ધ અને શાંતિના સમયમાં સશસ્ત્ર સેનાઓ રાષ્ટ્રની સેવામાં પોતાનું અમુલ્ય યોગદાન આપી રહી છે. આપણા રાષ્ટ્રની વિશાળ સીમાઓના રક્ષણ માટે સદા તત્પર આપણી સશસ્ત્ર સેનાઓએ અપ્રતિમ શૌર્ય, કર્તવ્ય નિષ્ઠા અને સર્વશ્રેષ્ઠ કાર્યદક્ષતાની મિસાલ પ્રસ્થાપિત કરી છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આજના દિવસે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં ફાળો આપી, આપણી સશસ્ત્ર સેનાઓ પ્રત્યે આદર-સન્માન અને ગૌરવની લાગણી પ્રગટ કરવાનો મહાનુલો અવસર આપણને મળ્યો છે, ત્યારે આપણે સૌ ઉદાર હાથે ફાળો આપી આ ઉમદા કાર્યમાં સહભાગી બનીએ.

આ પ્રસંગે ગૃહવિભાગના અધિક સચિવ સંદીપકુમાર, ગાંધીનગર જિલ્લાના કલેક્ટર એસ.એન. પટેલ, સૈનિક કલ્યાણ બોર્ડના નિયામક ગ્રુપ કેપ્ટન સુભાષિશ ચેટરજી તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




# સે-૨૨ વિદ્યાભારતી ખાતે કેન્સર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૭

આજરોજ ‘‘રેસ ટુ રેન ઈન કેન્સર’’ ટ્રસ્ટ દ્વારા સેકટર-૨૨ વિદ્યાભારતી આઈ.સી.ડી.એસ. ખાતે તાલિમાર્થી બહેનો માટે બપોરે ૩ કલાકે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ શિબિરમાં સ્ટર્લીંગ હોસ્પિટલના એમ.ડી. ડો. અર્પણા શુકલએ પ્રેઝન્ટેશન દ્વારા મહિલાઓને કેન્સર અંગે સવિસ્તાર માહિતી આપી હતી. ડો. રીટા બનીક દ્વારા મહિલાઓને કેન્સર કેવી રીતે મટી શકે છે.તે અંગે પોતાને થયેલ બ્રેસ્ટ કેન્સરમાંથી કેવી રીતે બહાર આવ્યા તે વિશે સંપૂર્ણ માહિતી આપી હતી. ગુલાબચંદ પટેલ દ્વારા કેન્સરના પ્રકારો, કેન્સર થવાના કારણો, ઉપાયો અને કેન્સરથી કેવી રીતે બચી શકાય તેની વિગતવાર માહિતી આપી હતી. મહિલાઓએ વ્યસનથી દુર રહેવા ઉદાહરણો દ્વારા સમજ આપી હતી. આ પ્રસંગે શૈલેષ પંડયા દ્વારા યોગ અને આર્ટ ઓફ લિવીંગ અંગે માહિતી આપી હતી. યોગ દ્વારા કેવી રીતે સ્વસ્થ રહેવાય તેની વિગત રજુ કરી હતી. સંસ્થાના સંચાલક સંતોકબહેન દ્વારા ટ્રસ્ટના સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

# ફાર્મસી કોલેજ ખાતે ડિઝીટલ ઈન્ડિયા તાલીમ સેમિનાર યોજાયો

### એનએસએસ યુનિટના ૫૦ સ્વયંસેવકોએ તાલીમ મેળવી : આ સ્વયંસેવકો ગ્રામ્ય વિસ્તારમાં તાલીમ આપી કેશલેસ ટ્રાન્ઝેક્શન અંગે જાગૃતિ ફેલાવશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના સે. ૨૩ ખાતેની કે.બી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મા એજ્યુકેશન કોલેજ ખાતે કાર્યરત એનએસએસ યુનિટ દ્વારા નોટબંધીના માહોલને અનુલક્ષીને ‘‘ડિઝીટલ બેંકીંગ તથા કેશલેસ પેમેન્ટ’’ વિષયે જાગૃતિ અભિયાન તથા તાલીમ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૫૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી જે આગામી સમયમાં ગ્રામીણ વિસ્તારમાં નાગરિકોને તાલીમ આપી માર્ગદર્શિત કરશે.

રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોને ડિઝીટલ ઈન્ડિયા અંગે માહિતી આપવા ઉપરાંત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મોબાઈલ એપ્લિકેશન ‘‘સ્ટેટ બેંક બડી’’ની તાલીમ આપવામાં આવી હતી. આ માટે એપ્લિકેશને ડાઉનલોડ કરી પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.



આ તાલીમના આધારે એનએસએસ દ્વારા દત્તક લેવાયેલા ગામોમાં સ્વયંસેવકો જાતે જઈ ત્યાંની શાળાઓ, આંગણવાડીઓ, સખી મંડળો તથા યુવક મંડળોને તથા ગ્રામીણ રહીશોને તાલીમ પુરી પાડશે. આ કાર્યક્રમ થકી યુવાનો દેશના વિકાસમાં યોગદાન આપવા સાથે નોટબંધીના માહોલમાં ફેલાયેલ ગેરસમજો દૂર કરવામાં મહત્વનો ભાગ ભજવશે તથા ભ્રષ્ટાચાર અને કાળા નાણાંના વ્યાપને દૂર કરવામાં પોતાનો ફાળો આપશે. સમગ્ર કાર્યક્રમ કે.બી. ફાર્મા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. શ્રીકલ્પ દેશપાંડે તથા એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ શાસ્ત્રીના માર્ગદર્શન અંતર્ગત આયોજિત કરવામાં આવ્યો હતો.

Govt. of Delhi Regd. No. 3809 (India) www.bhse.co.in

Board of Higher Secondary Education, Delhi

Regd. Office : Lucknow 536/190/Madheyganj Khadra, Sitapur Road, Lucknow, UP-226020

Help Line : 9599121061

E-mail : bhseboarddelhi2012@gmail.com

10वीं व 12वीं फेल छात्र निराश न हों

दसवीं व बारहवीं पास करके अपना भविष्य बना सकते हैं।

8वीं पास – 10वीं करें और 10वीं पास – 12वीं करें।

प्राईवेट स्कूल व कोचिंग सेंटर

मान्यता प्राप्त बोर्ड से पत्राचार कोर्स की मान्यता लेकर अपना ब्रांच खोलें और लाखों में कमाएँ

प्रशिक्षण माधयम हिन्दी – अंग्रेजी, उर्दू, मराठी, पंजाबी, बंगाली, संथाली मान्यता : दिल्ली, मध्यप्रदेश, बिहार, मिजोरम, जम्मू, कलकता, हिमाचल, उत्तर प्रदेश, राजस्थान, उड़ीसा, सिक्किम आदि दसवीं व 12वीं प्रत्राचार कोर्स अवधि : छः महिने (सही भाषाओं में)

आप अपने जिले में हमारे बोर्ड का शिक्षा केन्द्र भी खोल सकते हैं जिसका शुल्क 55,000/– रूप्ये हैं। Last Date 31-12-2016

Our board is affiliated by All State / Central Government under Article 14 Act 1921 and has been recognised by MHRD

All exams will be held in April 2017 in All over India and results will be declared in 1st week of June 2017

तुरन्त पूरी जानकारी पाने हेतु अपना ईमेल आईडी हमारे मोबाईल या मेल पर भेजें।